**રાજયના જુદા જુદા વિસ્તારના એન.જી.ઓ. સંચાલિત મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોના સંચાલનની મુદત લંબાવવા બાબત**

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક : મભય–૧૦૨૦૧૭–૨૯૯–આર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૦–૮–૨૦૧૭

**વંચાણે લીધા :**

(૧) કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાનો તા.૨૬–૭–૨૦૧૭ નો પત્ર ક્રમાંક : મભય–અમલ–વશી–૭૦૬–૨૦૧૭–૧૦૩૭૩

(૨) નામ. ગુજરાત હાઈકોર્ટના એસ.સી.એ. નં. ૭૮૩૪/૨૦૧૬ ના તા.૯–૬–૨૦૧૭ ના Oral Judgment

**ઠરાવ :**

નામ. ગુજરાત હાઈકોર્ટના એસ.સી.એ. નં. ૭૮૩૪/૨૦૧૬ ના તા.૯–૬–૨૦૧૭ ના Oral Judgment અન્વયે રાજયના જુદા જુદા વિસ્તારના નીચે જણાવેલ કોઠા મુજબ એન.જી.ઓ. સંચાલિત મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોના સંચાલનની મુદત આગામી દિવાળી વેકેશન (તા.૧૫–૧૦–૨૦૧૭) સુધી લંબાવવાની બાબત કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની સંદર્ભ (૧) ઉપરની દરખાસ્તના અનુસંધાને સરકારશ્રીની વિચારણાને આધિન હતી.

| ક્રમ | જિલ્લા/કોર્પો.નું નામ | એન.જી.ઓ. નું નામ | એન.જી.ઓ.ના સંચાલનની મુદત લંબાવતા શિ.વિ. ના ઠરાવનો નંબર/તારીખ | મુદત પૂર્ણ થયા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | **નવસારી જિલ્લાના તમામ મ.ભો.યો. કેન્દ્રો – ૭૩૫** | નાયક ફાઉન્ડેશન | મભય–૧૦૨૦૦૯–૧૩૫૨–આર તા.૨૦–૭–૨૦૧૬ | તા.૧–૭–૨૦૧૭ |
| ૨ | **ગાંધીનગર શહેર**–૨૯, ગ્રામ્યના ૧૫૩ મળી કુલ–૧૮૨ મ.ભો.યો. કેન્દ્રો તેમજ **ગાંધીનગર જીલ્લાના** કલોલના ૧૩૦ અને માણસાના ૧૪૪ કેન્દ્રો | અક્ષયપાત્ર ફાઉન્ડેશન | મભય–૧૦૨૦૧૫–૨૨૭–આર તા.૨૬–૯–૨૦૧૬<br>મભય–૧૦૦૬–સીએમ.૧૨૯–આર તા.૨૯–૧૨–૨૦૧૪ | તા.૯–૬–૨૦૧૭<br>તા.૫–૧૦–૨૦૧૭ |
| ૩ | **વડોદરા શહેરના ૧૧૦ અને ગ્રામ્યના** ૧૮૫ કેન્દ્રો, પાદરા | અક્ષયપાત્ર ફાઉન્ડેશન | મભય–૧૦૨૦૦૯–૮૫૧–આર તા.૨૪–૬–૨૦૧૫<br>મભય–૧૦૨૦૧૦–૮૪૭–આર | તા.૩૦–૯–૨૦૧૭<br>તા.૨૯–૬–૨૦૧૭ |

શ્રી પંચાલ 8/18/8

| | | | | |
|---|---|---|---|---|
| | તાલુકાના ૧૫૦ અને વાઘોડીયા તાલુકાના ૧૭૩ મ.ભો.યો. કેન્દ્રો | | તા.૨૬–૧૦–૨૦૧૬ | |
| ૪ | **વલસાડ જિલ્લાના** વલસાડ, વાપી, પારડી, ઉમરગામ તાલુકાના મ.ભો.યો. કેન્દ્રો | સ્ત્રીશકિત સંસ્થા | મભય–૧૩૨૦૦૫–૫૧૮–પાફા –આર તા.૨૦–૧૨–૨૦૧૬ | તા.૩૧–૧–૨૦૧૭ |
| ૫ | **સુરત મ્યુ.કોર્પો. વિસ્તારના** ૩૨૯ કેન્દ્રો | અક્ષયપાત્ર ફાઉન્ડેશન | મભય–૧૦૨૦૧૦–૩૮૭–આર તા.૫–૬–૨૦૧૬ | તા.૧૦–૬–૨૦૧૭ |

પુખ્ત વિચારણાને અંતે ઉપર કોઠામાં જણાવેલ ક્રમ (૧) થી (૫) મુજબના વિસ્તારોની એન.જી. ઓ. સંચાલિત કેન્દ્રોના સંચાલનની મુદત આગામી દિવાળી વેકેશન (તા.૧૫–૧૦–૨૦૧૭) સુધી નીચેની શરતોને આધિન લંબાવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો :**

(૧) સંબંધિત કલેકટર/ મ્યુનિ. કમિશનરશ્રી ધ્વારા જે તે વિસ્તારના મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોના લાભાર્થીઓની સંખ્યાની ખરાઈ કરીને સંબંધિત એન.જી.ઓ.ને મળવાપાત્ર ગ્રાન્ટ ચુકવવાની રહેશે.

(૨) સંબંધિત કલેકટર/ મ્યુનિ. કમિશનરશ્રી ધ્વારા સંબંધિત વિસ્તારની જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓના મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોની માહિતી મેળવીને ખરાઈ કરવાની રહેશે.

(૩) કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજનાએ નવા સંચાલકોની પસંદગીની સંપૂર્ણ પ્રક્રિયા તા.૧૫–૧૦–૨૦૧૭ પહેલાં અચૂકપણે પૂર્ણ કરી દેવાની રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૯–૮–૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પકેશ ઠાકોર)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

– માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
– માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર

- માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ૧૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગર
- ચેરમેનશ્રી, અક્ષયપાત્ર ફાઉન્ડેશન, ડેન્ટલ કોલેજ સામે, મુ. સાંતેજ, તા. કલોલ, જી. ગાંધીનગર–૩૮૨૧૧૫
- ચેરમેનશ્રી, નાયક ફાઉન્ડેશન, ૪૦૨, કલા મંદિર, ચિત્રાકર કેતકર માર્ગ, શેઠ કોલેજ સામે, વિલેપાર્લે (ઈસ્ટ) મુંબઈ–૪૯૯૫૭
- ચેરમેનશ્રી, સ્ત્રી શકિત સંસ્થા, પ્લોટ નં.૧૯૧/૨, આંબાવાડીયા, રાણીપુર ચર્ચની પાછળ, કલ્પના ફેબ્રીકેશન સામે, પો.શાહવાડી, નારોલ, અમદાવાદ–૩૮૨૪૦૫
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા, સુરત
- કલેકટરશ્રી, નવસારી, ગાંધીનગર, વડોદરા, વલસાડ,સુરત
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, નવસારી, ગાંધીનગર, વડોદરા, વલસાડ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, નવસારી, ગાંધીનગર, વડોદરા, વલસાડ,સુરત
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઈટ ઉપર મુકવા સારુ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ